ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.એકેડેમિક/ 5732 /૨૦૨૨ તા.27/ 6 /૨૦૨૨

# પરિપત્ર

આથી ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિનયન,વાણિજ્ય તથા સાયન્સ કોલેજોના આચાર્યશ્રીઓને આદેશ અનુસાર જણાવવાનું કે તા.૨૫-૦૪-૨૦૨૨ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાના બા.ક્ર.:૨૬ના ઠરાવથી મળેલ મંજૂરી અન્વયે આદર્શ ભાવિસમાજના ઘડતરમાં વિદ્યાર્થીઓનું મહત્વનું યોગદાન રહેલુ હોય છે માટે યુનિવર્સિટી દ્વારા એક હકારાત્મક ઉદ્દેશથી *Integrated Personality Development Course (IPDC)*ને *Multidisciplinary અભ્યાસક્રમ(ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં)* સર્વગ્રાહી મૂલ્ય આધારીત શિક્ષણ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩થી ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિનયન,વાણિજ્ય તથા સાયન્સ કોલેજોમાં સેમેસ્ટર ૧ થી ૨ અથવા ૩ થી ૪ સુધીમાં યુનિવર્સિટીના માળખાને અનુરૂપ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને Softskill/Foundation વિષય તરીકે વૈકલ્પિક વિષયો પૈકી એક વિકલ્પ રૂપે આપી શકાશે.

IPDC અંગેનો અભ્યાસક્રમ-સુચનાઓ આ સાથે સામેલ છે તથા આ અંગે વિશેષ માહિતી, વિડીયો કન્ટેન્ટ,વર્કબુક વગેરે માટે IPDC ટીમનો નીચે દર્શાવેલ મુજબ સંપર્ક કરવો.

મોબાઇલ નંબરઃ ૯૦૯૯૯૦૪૧૪૬
ઇ-મેઇલ : service.ipdc@in.baps.org
વેબસાઇટઃ www.ipdc.org/university-experience/

ગુજરાત યુનિવર્સિટી ખાતે IPDCના Co-ordinator: ડૉ.પરેશ એ.પ્રજાપતી નો સંપર્ક કરી શકાશે.

હેલ્પલાઇન નંબરઃ ૯૪૨૬૪૯૨૦૨૭
ઇ-મેઇલઃ guipdc@gujaratuniversity.ac.in

આપનો વિશ્વાસુ

કુલસચિવ

બિડાણઃ ઉપર મુજબ.

પ્રતિ,

૧. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અમદાવાદ તથા ગાંધીનગર જીલ્લાની સર્વે વિનયન,વાણિજ્ય, તથા સાયન્સ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ.
૨. પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
૩. ગ્રંથપાલશ્રી ગુજરાત યુનિવર્સીટી ગ્રંથાલય, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
૪. ડીરેકટરશ્રી, રોલાવાલા કોમ્પ્યુટર સેંટર, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ-૯

As per MOU done between BAPS and Gujarat University in February, 2021, Herewith introducing IPDC with course-structure and syllabus.

## The Integrated Personality Development Course – An Introduction

The Integrated Personality Development Course has been designed, by the BAPS Swaminarayan Sanstha, to help prepare college students in their holistic development. This course supports the requirements of the New Education Policy (NEP), to "build character, enable learners to be ethical, rational, compassionate, and caring, while at the same time prepare them for gainful, fulfilling employment". Easily integrated into students' university syllabus, IPDC effectively teaches essential values, develops inner character, strengthens morality, and nourishes constructive and creative thinking. Through this course, students can enjoy, understand, and practice priceless lessons, giving them the tools to build a brighter future.

## Introductory Resources:

| | IPDC Gujarati | | IPDC English | |
|---|---|---|---|---|
| **IPDC Intro** Click Here | **Lecture Glimpse** Click Here | **IPDC Impact** Click Here | **Lecture Glimpse** Click Here | **IPDC Impact** Click Here |

## Type of Course:

Value-based Holistic Personality Development Course for University Students.

- ## Rationale / Scope:

IPDC aims to prepare students for the modern challenges they face in their daily lives. Promoting fortitude in the face of failures, Unity amongst family discord, Self-discipline amidst Distractions... and many more priceless lessons. The course focuses on morality and character development at the core of student growth, to enable students to become self-aware, sincere, and successful in their many roles - as an ambitious student, reliable employee, caring family member, and considerate citizen.

- ## Course Outcomes/Objectives:

- To provide students with a holistic value-based education that will enable them to be successful in their academic, professional, and social lives.
- To give the students the tools to develop effective habits, promote personal growth, and improve their well-being, stability, and productivity.
- To allow students to establish a stronger connection with their family through critical thinking and development of qualities such as unity, forgiveness, empathy, and effective communication.
- To provide students with soft skills that complement their hard skills, making them more marketable when entering the workforce.
- To enhance awareness of India's glory and global values, and to create considerate citizens who strive for the betterment of their family, college, workforce, and nation.
- To inspire students to strive for a higher sense of character by learning from role models who have lived principled, disciplined, and value-based lives.

- **Course-Content/IPDC syllabus:**

(Total course should be delivered in two phase - i.e. **IPDC-1 & IPDC-2**, both phases can be conducted in two semesters. Each Semester will consist of 15 Lecture-topics. IPDC-1 and IPDC-2 both covers total 30 Lecture-topics (2hr/ Lecture).

Each lecture can be taken in a continuous two-hour session, or in two separate one-hour sessions. In addition to the core lectures, an induction and concluding lectures are recommended as shown in the below table.

| Lecture No. | Module & Subject | Subject Description | Hours |
|---|---|---|---|
| **IPDC-1 (First Phase/Semester)** | | | |
| Intro-duction | The Need for Values | Students will learn about the need for values as part of their holistic development to become successful in their many roles - as ambitious students, reliable employees, caring family members, and considerate citizens. | 2 |
| 1 | **Module:** Remaking Yourself<br>**Subject :** Restructuring Yourself | Students learn how self-improvement enables them to secure a bright future for themselves. They will learn 6 powerful thought-processes that can develop their intellectual, physical, emotional, and spiritual quotients. | 2 |
| 2 | **Module:** Remaking Yourself<br>**Subject :** Power of Habit | Students will undergo a study of how habits work, the habits of successful professionals, and the practical techniques that can be used to develop good habits in their life. | 2 |
| 3 | **Module:** Learning from Legends<br>**Subject :** Tendulkar & Tata | Students will learn from the inspirational lives of India's two legends, Sachin Tendulkar and Ratan Tata. They will implement these lessons through relatable case studies. | 2 |
| 4 | **Module:** From House to Home<br>**Subject :** Listening & Understanding | Active listening is an essential part of academic progress and communications. Students will learn to listen with their eyes, ears, mind, and heart. | 2 |
| 5 | **Module:** Facing Failures<br>**Subject :** Welcoming Challenges | This lecture enables students to revisit the way in which they approach challenges. Through the study of successful figures such as Disney, Lincoln and Bachchan, students will learn to face difficulties through a positive perspective. | 2 |
| 6 | **Module:** Facing Failures<br>**Subject :** Significance of Failures | Failure is a student's daily source of fear, negativity, and depression. Students will be given the constructive skills to understand failure as formative learning experiences. | 2 |
| 7 | **Module:** My India My Pride<br>**Subject :** Glorious Past - Part 1 | India's ancient Rishis, scholars, and intellectuals have made tremendous contributions to the world, they developed an advanced, sophisticated culture and civilization which began thousands of years ago. Students will | 2 |

| | | | |
|---|---|---|---|
| | | learn the importance of studying India's glorious past so that they could develop a strong passion and pride for our nation. | |
| 8 | **Module:** My India My Pride<br>**Subject :** Glorious Past - Part 2 | Our ancient concepts can be used to seek revolutionary ideas and to generate inspiration. Students will develop a deeper interest in India's Glorious Past – by appreciating the need to read about it, research it, write about it, and share it. | 2 |
| 9 | **Module:** Learning from Legends<br>**Subject :** A.P.J. Abdul Kalam | Dr Kalam's inspirational life displayed legendary qualities which apply to students (1) Dare to Dream (2) Work Hard (3) Get Good Guidance (4) Humility (5) Use Your Talents for the Benefit of Others | 2 |
| 10 | **Module:** Soft Skills<br>**Subject :** Networking & Leadership | Students are taught the means of building a professional network and developing a leadership attitude. | 2 |
| 11 | **Module:** Soft Skills<br>**Subject :** Project Management | Students will learn the secrets of project management through the Akshardham case study. They will then practice these skills through an activity relevant to student life. | 2 |
| 12 | **Module:** Remaking Yourself<br>**Subject :** Handling Social Media | Students will learn how social media can become addictive and they will imbibe simple methods to take back control. | 2 |
| 13 | **Module:** Facing Failures<br>**Subject :** Power of Faith | Students will learn about the power and necessity of faith in our daily lives. | 2 |
| 14 | **Module:** From House to Home<br>**Subject :** Bonding the Family | Students will understand the importance of strong family relationships. They will learn how to overcome the generation gap and connect with their family more. | 2 |
| 15 | **Module:** Selfless Service<br>**Subject :** Seva | Students will learn that performing seva is beneficial to one's health, wellbeing, and happiness. It also benefits and inspires others. | 2 |
| **IPDC-2 (Second Phase/Semester)** | | | |
| 1 | **Module:** Remaking Yourself<br>**Subject :** Begin with the End in Mind | Students will learn to visualize their future goals and will structure their lives through smart goals to give themselves direction and ultimately take them to where they want to go. | 2 |
| 2 | **Module:** Remaking Yourself<br>**Subject :** Being Addiction-Free | Students will explore the detrimental effects of addictions on one's health, personal life, and family life. They will learn how to take control of their life by becoming addiction free. | 2 |
| 3 | **Module:** Selfless Service<br>**Subject :** Case Study: Disaster Relief | Students will apply previous lessons of seva, to analyse the case study of the Bhuj earthquake relief work. | 2 |
| 4 | **Module:** Soft Skills<br>**Subject :** Teamwork & Harmony | Students will learn the six steps of teamwork and harmony that are essential for students' professional and daily life. | 2 |
| 5 | **Module:** My India My Pride<br>**Subject :** Present Scenario | To implement the transformation of India from a developing country into a developed country it is necessary to have a value-based citizen. Students will see how the transformation to a greater India relies on the vision and efforts of themselves as a youth. | 2 |
| 6 | **Module:** Learning from Legends | Students will explore a new approach to leadership, through humility. | 2 |

| | | | |
|---|---|---|---|
| | **Subject :** Leading Without Leading | | |
| 7 | **Module:** My India My Pride<br>**Subject :** An Ideal Citizen – 1 | Students will learn that to become value-based citizens, they must first develop good values in their lives. They start by exploring the values of responsibility and integrity. | 2 |
| 8 | **Module:** My India My Pride<br>**Subject :** An Ideal Citizen – 2 | Students will learn that by developing the values of loyalty, sincerity, and punctuality; they become indispensable and can leave a strong impression. They will start developing these values by trying to keep perfection in every small task and by looking at the bigger picture. | 2 |
| 9 | **Module:** Facing Failures<br>**Subject :** Timeless Wisdom for Daily Life | Students will learn the role wisdom plays in finding long-term stability. They will use ancient wisdom to solve their modern-day challenges. | 2 |
| 10 | **Module:** From House to Home<br>**Subject :** Forgive & Forget | Students will understand the importance and benefits that forgiveness plays in their personal and professional life. They will learn to apply this knowledge in realistic situations. | 2 |
| 11 | **Module:** Remaking Yourself<br>**Subject :** Stress Management | Students will learn to cope with current and future causes of stress. | 2 |
| 12 | **Module:** Remaking Yourself<br>**Subject :** Better Health Better Future | A healthy body prevents disease and stress; increases positivity, productivity, and brainpower. Students will learn to maintain good health through regular exercise, healthy eating habits, and regular and sufficient sleep. | 2 |
| 13 | **Module:** Learning from Legends<br>**Subject :** Words of Wisdom | A panel of learned and experienced mentors will personally answer practical questions that students face in their daily life. | 2 |
| 14 | **Module:** Soft Skills<br>**Subject :** Financial Planning | Students will develop a variety of practical financial skills that prepare them to become financially stable throughout their future careers. | 2 |
| 15 | **Module:** Remaking Yourself<br>**Subject :** Impact of Company | Students will understand that the type of company that we keep, has a crucial role in determining who we are and who we will become. They will develop the ability to create a positive environment around them. | 2 |
| Con-cluding | Life After IPDC | This concluding lecture encourages students to keep practising these priceless lessons and prepares them for the next steps in their lives. | 2 |

- ## Course Material / Main Course Workbook:

  There will be one workbook for each semester/phase. Each workbook will be designed and presented by BAPS IPDC Team. These official workbooks would be the course-material for study of IPDC. These workbooks will solve the purpose of study, submission, viva and exams for students.

  1. **IPDC Workbook-1** *(presented by B.A.P.S. Swaminarayan Sanstha)*

2. **IPDC Workbook-2** *(presented by B.A.P.S. Swaminarayan Sanstha)*

- **Pattern of Lecture-Delivery:**

The IPDC lectures will take place in the college classrooms and will be hosted by a college/institute-appointed course instructor/Faculty. The Teaching resources will be provided by BAPS. Each lecture has four components as shown below:

**1. Introductory Film**

Each lecture begins with a short film that introduces the topic through modern production. The original content displays relatable scenarios and visuals that captivate the students' attention and stimulates their curiosity to learn more.

**2. Lecture Video**

Students watch a lecture video presented by a dynamic speaker. The lecture reinforces the significance and necessity of fundamental principles and skills. The experience of the speaker, eloquence of presentation, and use of interactive visuals collectively create a profound impact on each student's mind and heart.

**3. Student Interaction**

Student interaction sessions promote stimulating discussion and conversation and help create safe spaces for the healthy exchange of ideas. Thus, each session provides a forum in which students can openly express their emotions and thoughts.

**4. Workbook Activities**

Workbooks assist students to begin implementing the values taught in the lecture into their personal lives. Reliable research, priceless experience, practical scenarios, and reflective questions are innovatively depicted, motivating students to contemplate and think creatively. You can preview the IPDC Workbook at the link - https://www.youtube.com/watch?v=_C09aqOszvY

- **Course Structure**

The Integrated Personality Development Course (IPDC) will be conducted over two semesters, with each semester containing, 15 lectures. As there is one lecture of 2 hours, 30 hours of study will be done in one semester and 30 hours of study in the second semester as well. So, in total in two semesters 30 lectures will take 60 hours of study.

The course will be credit-based – with each semester worth two credits, i.e. 2 credit in IPDC-1 (30 hrs) and 2 credit in IPDC-2 (30 hrs). So, total 4 credit would be alloted across two semeters. This course could be conducted in initial semester of university degree, either in 1st & 2nd semester OR 3rd & 4th semester.

**Teaching Scheme**

| | | |
|---|---|---|
| IPDC-1 : | Lecture – 2 hrs/week | Credits – 2 |
| IPDC-2 : | Lecture – 2 hrs/week | Credits – 2 |

**Examination Scheme**

The assessments should include both continuous evaluation and end-of-semester examinations. The assessment scheme should include student attendance, assignments, mid-term exams, viva, workbook submission, and end-of-semester examinations.

IPDC team will provide necessary question-bank with answers from each subjects of IPDC. Marks distribution in theory and practical exams depends on respective institute/college.

- **Support/Help contact from IPDC TEAM**

  **Phone :** 9099904146

  **Email :** service.ipdc@in.baps.org

- **Basic Terms and Support Required from Institute:**

**Awarded Credits :**

- To ensure the full participation of the students, we propose the course to be credit-based. Each semester should be awarded credits according to the preference of the university.

**Course Instructors :**

- As IPDC is about values and not just grades, an ideal candidate for teaching the course should be morally and ethically accomplished.
- The instructor should also be an effective communicator, well adept at conducting activities with the students.
- Required academic qualification for the instructor should be minimum graduation in any stream as per university norms.
- We propose that all instructors appointed by your institute should attend an IPDC faculty workshop to get familiar with style of the course. We are glad to inform you that BAPS is ready to provide this workshop.

**Technical Requirements :**

- As elaborated in meeting and publicised in presentations, the foremost element of the course involves videos and interactive sessions which requires good level of audio/video amenities at the campus for students. A projector, laptop, internet connection, and basic audio-visual set up are requisite for productive learning and positive outcome of the course.
- IPDC Team will provide a digital portal to deliver all the IPDC video content. This platform allows smoothness in the learning and teaching process. IPDC Team will provide this digital portal free of charge, and the college/Institute will approve and assist in implementing its use.

**Approval of Teaching Mediums :**

- All the lecture videos and materials, alongside teacher's guide, has been designed by BAPS and will be provided as discussed below.
- The lecture videos will be provided through a web-portal that runs on Windows devices or through mobile app. This medium will be provided to all the registered teaching faculty, free of charge. The college/institute should give approval for this medium and assist in the implementation of its use.
- The IPDC workbooks are an essential part of the course, as they provide the content and basis for the end-of-semester exams and the continuous assessments. The college/institute should give approval for the use and purchase of this printed material to the students.

**Registrations and Course-beneficiaries data :**

- To ensure the smooth implementation of the course, the university/institute will ensure that the students and faculties officially register with IPDC. For this purpose, the university/institutes will be required to provide the necessary information about the colleges, faculty members, and enrolled students in the course. Also, respective institutes need to provide enrolled students' final results of this subject for every batch in the format required by IPDC Team. IPDC Team will also offer a certificate to students on completion of the course.

**Fees/Charges :**

- BAPS Sanstha has always focused on Social Activities to uplift the nation and people's life. This course focuses on moral and character development and is dedicated to providing holistic value-based education to the youth. So, as a noble service to the society, we offer the course to college/Institute for free. All following materials of all Modules will be provided to end-users without any charges:

  1) Introductory Videos

2) Main Lecture Videos
3) Teacher's Guide
4) IPDC Question Bank
5) Exam Guide

- However, printed workbooks for IPDC-1 and IPDC-2 are to be procured by students as per printed price.

**Copyrights/Intellectual Rights :**

- Copyright/IPR of all IPDC materials provided for IPDC Course belongs to BAPS Swaminarayan Sanstha. As mentioned in MOU between University and BAPS, the use of all these materials should be limited to the teaching of IPDC course at university or affiliated institutes/colleges only.

ફેબ્રુઆરી, ૨૦૨૧માં ગુજરાત યુનિવર્સિટી અને બી.એ.પી.એસ. સંસ્થા વચ્ચે થયેલ MOU અંતર્ગત અત્રે IPDC કોર્સનું સ્ટ્રક્ચર અને અભ્યાસક્રમ સમજાવવામાં આવ્યો છે.

- **Integrated Personality Development Course – An Introduction**

BAPS સ્વામિનારાયણ સંસ્થા દ્વારા IPDC અભ્યાસક્રમની રચના કોલેજના વિદ્યાર્થીઓને તેમના સર્વાંગી વિકાસમાં મદદ કરવા માટે કરવામાં આવી છે. આ કોર્સ નવી શિક્ષણ નીતિ (NEP) ની જરૂરિયાતોને સમર્થન આપે છે, "ચારિત્ર્યનું નિર્માણ કરવા, શીખનારાઓને નૈતિક, તર્કસંગત, લાગણીસભર અને કાળજીયુક્ત બનવા સક્ષમ બનાવે, સાથે તેમને લાભદાયક, પરિપૂર્ણ રોજગાર માટે તૈયાર કરે." IPDC વિદ્યાર્થીઓના યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં સરળતાથી જોડાઈ તેમને અસરકારક રીતે આવશ્યક મૂલ્યો શીખવે છે. તેમના આંતરિક વ્યક્તિત્વનો વિકાસ કરી નૈતિકતાને મજબૂત કરે છે, તેમજ રચનાત્મક અને સર્જનાત્મક વિચારસરણીને પોષે છે. આ કોર્સ દ્વારા, વિદ્યાર્થીઓ જીવનના અમૂલ્ય પાઠનો આનંદ માણી શકે છે; સમજી શકે છે અને તેનો અભ્યાસ કરી શકે છે. જે તેમના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે આધારભૂત નીવડે છે.

- # પરિચયાત્મક સામગ્રી

| | IPDC Gujarati | | IPDC English | |
|---|---|---|---|---|
| IPDC Intro<br>Click Here | Lecture Glimpse<br>Click Here | IPDC Impact<br>Click Here | Lecture Glimpse<br>Click Here | IPDC Impact<br>Click Here |
| | | | | |

- **કોર્સનો પ્રકાર:**

યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે મૂલ્ય આધારિત સર્વાંગીય વ્યક્તિત્વ-વિકાસ અભ્યાસક્રમ.

**સ્કોપ :**

IPDC નો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને તેમના રોજિંદા જીવનમાં આવતા આધુનિક પડકારો માટે તૈયાર કરવાનો છે. નિષ્ફળતા સમયે તેઓના મનોબળને પ્રોત્સાહન આપવું, કૌટુમ્બિક સમસ્યા વચ્ચે એકતા, વિક્ષેપો વચ્ચે સ્વ-શિસ્ત અને એવા અનેક અમૂલ્ય પાઠ શિખવવાનો છે. આ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓની પ્રગતિના મૂળમાં નૈતિકતા અને ચારિત્ર્યના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વિદ્યાર્થીઓને મહત્ત્વાકાંક્ષી વિદ્યાર્થી, વિશ્વસનીય કર્મચારી, પરિવારના સમજદાર સભ્ય અને જવાબદાર નાગરિક તરીકેની વિવિધ ભૂમિકાઓ માટે આત્મ-જાગૃત, નિષ્ઠાવાન અને સફળ બનવા સક્ષમ બનાવવા માટે IPDC કાર્ય કરે છે.

## • અભ્યાસક્રમના પરિણામો/ઉદેશ્યો :

- વિદ્યાર્થીઓને સર્વાંગી મૂલ્ય-આધારિત શિક્ષણ પ્રદાન કરવું જે તેમને તેમના શૈક્ષણિક, વ્યવસાયિક અને સામાજિક જીવનમાં સફળ થવા સક્ષમ બનાવે.
- વિદ્યાર્થીઓને અસરકારક સુટેવો વિકસાવવા, વ્યક્તિગત વિકાસને પ્રોત્સાહન આપવા અને તેમની સુખાકારી, સ્થિરતા અને કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે સામગ્રી પ્રદાન કરવી.
- વિદ્યાર્થીઓમાં તર્કસંગત વિચારસરણી દ્વારા એકતા, ક્ષમા, સહાનુભૂતિ અને અસરકારક વાણીવ્યવહાર જેવા ગુણોના વિકાસ દ્વારા તેમના પરિવાર સાથે વધુ મજબૂત જોડાણ સ્થાપિત કરવાની પ્રેરણા આપવી.
- વિદ્યાર્થીઓને તેમના વ્યાવસાયિક-કૌશલ્યોને પૂરક બને તેવા કૌશલ્યો (સોફ્ટ-સ્કિલ્સ) પ્રદાન કરવા, જે તેઓને વ્યવસાયકાર્યમાં દાખલ થાય ત્યારે તેમને ગુણવત્તાયુક્ત બનાવે છે.
- ભારતના ગૌરવ અને વૈશ્વિક-મૂલ્યોની જાગૃતિ વધારવા અને એવા નાગરિકો તૈયાર કરવા, જે તેમના પરિવાર, કોલેજ, વ્યાવસાયિકક્ષેત્ર અને રાષ્ટ્રની પ્રગતિ માટે પ્રયત્નશીલ રહે.
- આદર્શ, શિસ્તબદ્ધ અને મૂલ્ય-આધારિત જીવન જીવ્યા હોય તેવા રોલ-મોડલ પાસેથી પ્રેરણા પ્રાપ્ત કરી ઉચ્ચ ચારિત્ર્ય-ઘડતર માટે પ્રયત્ન કરવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી.

## • અભ્યાસક્રમ-સામગ્રી / IPDC અભ્યાસક્રમ:

(કુલ કોર્સ બે તબક્કામાં રજૂ થવો જોઈએ - એટલે કે IPDC-1 અને IPDC-2. બંને તબક્કાનો અભ્યાસ બે સેમેસ્ટરમાં કરાવી શકાય. IPDC-1 અને IPDC-2 બંને 15-15 વિષયોને આવરી લે છે, તેથી કુલ 30 વિષયોને આવરી લેવામાં આવશે.)

દરેક વ્યાખ્યાન સતત બે કલાકના સત્રમાં અથવા બે અલગ એક-એક કલાકના સત્રમાં લઈ શકાય છે. મુખ્ય પાઠ ઉપરાંત, નીચેના કોષ્ટકમાં બતાવ્યા પ્રમાણે પરિચયાત્મક એક લેક્ચર અને સમાપન લેક્ચરનો પણ સમાવેશ કરવામાં આવે છે.

| Lecture No. | Module & Subject | Subject Description | Hours |
|---|---|---|---|
| | | **IPDC-1 (પ્રથમ સત્ર)** | |
| **Induction** | The Need for Values | વિદ્યાર્થીઓ તેમના સર્વાંગી વિકાસના ભાગરૂપે મૂલ્યોની જરૂરિયાત વિશે શીખશે. તેમની ઘણી ભૂમિકાઓ જેવી કે મહત્વાકાંક્ષી વિદ્યાર્થીઓ, ભરોસાપાત્ર કર્મચારીઓ, કુટુંબના પરિપક્વ સભ્યો અને વિચારશીલ નાગરિકો તરીકે સફળ થવા માટે. | 2 |
| 1 | **Module: સ્વયંનું નવનિર્માણ**<br>**Lecture:** ચાલો, સ્વયંને ઘડીએ | વિદ્યાર્થીઓ શીખશે કે પોતાની જાતમાં લાવેલો સુધારો કેવી રીતે ઉજ્જવળ ભવિષ્યના પાયાને મજબૂત કરે છે. આ સાથે તેમના બૌદ્ધિક, શારીરિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક આંક વધારવામાં ઉપયોગી એવી અસરકારક વૈચારિક પ્રક્રિયાઓ વિશે પણ તેઓ જાણશે. | 2 |
| 2 | **Module:** સ્વયંનું નવનિર્માણ<br>**Lecture:** આદતનો પ્રભાવ | આદતો કેવી રીતે કાર્ય કરે છે, સફળ વ્યક્તિની આદતો કેવી હોય છે તથા જીવનમાં સારી આદતો પાડવા માટે ઉપયોગી એવી કાર્યપદ્ધતિનો અભ્યાસ વિદ્યાર્થીઓ કરશે. | 2 |
| 3 | **Module: મહાન વ્યક્તિઓના પગલે-પગલે**<br>**Lecture:** તેંડુલકર અને ટાટા | ભારતના માનવ રત્નો સચિન તેંડુલકર તથા રતન ટાટાના મહાન જીવનમાંથી વિદ્યાર્થીઓ પ્રેરણા મેળવશે અને તેમના જીવન સાથે મળતી આવતી પરિસ્થિતિ દ્વારા તેમાંથી શીખેલા જીવન મૂલ્યોને પોતાના જીવનમાં ઉતારવા પ્રયત્ન કરશે. | 2 |
| 4 | **Module: મકાન નહીં, ઘર બનાવીએ**<br>**Lecture:** સંભાળો છો કે સમજો છો? | ધ્યાનપૂર્વક સાંભળવું તે શૈક્ષણિક વિકાસ તથા કૉમ્યુનિકેશન માટેનું એક જરૂરી અંગ છે. વિદ્યાર્થીઓ સાંભળવા માટે કાન, મન અને હૃદયનો ઉપયોગ કરતાં શીખશે. | 2 |
| 5 | **Module: નિષ્ફળતા-એક પાઠશાળા**<br>**Lecture:** પડકારને આવકાર | આ લેક્ચર દ્વારા વિદ્યાર્થીઓ જાણશે કે જીવનમાં પડકારનો સામનો કરવાનો આવે ત્યારે તેઓ કેવો અભિગમ દાખવે છે. ડિઝની, લિંકન તથા બચ્ચન જેવી સફળ વ્યક્તિઓના જીવન પરથી તેઓ વિપરીત સંજોગોમાં પણ હકારાત્મક અભિગમ રાખી મુશ્કેલીઓનો સામનો કરવાનું શીખશે. | 2 |
| 6 | **Module: નિષ્ફળતા-એક પાઠશાળા**<br>**Lecture:** સંઘર્ષ - જીવનનું અમૃત | નિષ્ફળતા એ વિદ્યાર્થીના જીવનમાં ડર, નકારાત્મકતા તથા હતાશા ફેલાવવા માટેનું મુખ્ય પરિબળ છે. નિષ્ફળતામાંથી પણ કંઇક શીખીને તેનો રચનાત્મક ઉપયોગ કરી શકાય છે તેવી સમજણ કેળવવાનું શીખશે. | 2 |
| 7 | **Module: મેરા ભારત મહાન**<br>**Lecture:** ભવ્ય ભૂતકાળ-૧ | ભારતના ઋષિમુનિઓ તથા વિદ્વાનોનું વિશ્વમાં અતિ મહત્ત્વનું યોગદાન રહેલું છે. જેમણે હજારો વર્ષ પહેલા એક આધુનિક અને સુસંસ્કૃત સભ્યતાનો વિકાસ કર્યો. વિદ્યાર્થીઓ ભારતના અતિ સમૃદ્ધ ભૂતકાળ અને વારસા વિશે જાણશે. જેથી તેમને પોતાના દેશની અસ્મિતા માટે અહોભાવ અને આદરની લાગણી જાગે. | 2 |

| | | | |
|---|---|---|---|
| 8 | **Module:** **મેરા ભારત મહાન**<br>**Lecture:** ભવ્ય ભૂતકાળ-૨ | આપણા પૌરાણિક સિદ્ધાંતો અને સંકલ્પનાઓમાંથી આપણે ક્રાંતિકારી વિચારો તેમજ પ્રેરણા બંને મેળવી શકીએ છીએ. ભારતના અમૂલ્ય અને અજોડ ભૂતકાળ વિશે વાંચીને, સંશોધન કરીને, લખીને કે કોઈની સાથે શેર કરીને એમ વિવિધ રીતે વિદ્યાર્થીઓમાં ભારતના સોનેરી ભૂતકાળ વિશે ઊંડો રસ ઉત્પન્ન થઈ શકે. | 2 |
| 9 | **Module:** **મહાન વ્યક્તિઓના પગલે-પગલે**<br>**Lecture:** એ. પી. જે. અબ્દુલ કલામ | ડૉક્ટર અબ્દુલ કલામના જીવનમાં અનેક ઉચ્ચ કોટિના જીવનમૂલ્યો જોવા મળતા હતાં. જેવા કે સ્વપ્ન જોવાની હિંમત, સખત મહેનત, યોગ્ય માર્ગદર્શન, નમ્રતા, તમારી આવડતનો બીજાના ભલા માટે ઉપયોગ. આ મૂલ્યો વિદ્યાર્થીઓ માટે એક ઉત્તમ પ્રેરણાસ્ત્રોત છે. | 2 |
| 10 | **Module:** **કૌશલ્ય-નિર્માણ**<br>**Lecture:** સંબંધો અને નેતૃત્વ | વ્યવસાયિક વર્તુળ (પ્રોફેશનલ નેટવર્ક) તથા આગેવાની લેવા માટે જરૂરી અભિગમ (લીડરશીપ એટીટ્યુડ) કેળવવા અંગેની રીતો વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે. | 2 |
| 11 | **Module:** **કૌશલ્ય-નિર્માણ**<br>**Lecture:** પ્રકલ્પનું પ્રબંધન | અક્ષરધામ કેસ સ્ટડી દ્વારા વિદ્યાર્થીઓ સફળ પ્રોજેક્ટ મેનેજમેન્ટના પાઠ ભણશે અને ત્યારપછી વિદ્યાર્થી રોજિંદા જીવનને અનુરૂપ કોઈ પ્રવૃત્તિ સાથે સાંકળી તેનો અભ્યાસ કરશે. | 2 |
| 12 | **Module:** **સ્વયંનું નવનિર્માણ**<br>**Lecture:** સોશિયલ મીડિયામાં સંતુલન | વિદ્યાર્થીઓને સમજશે કે સોશિયલ મિડિયા કેવી રીતે એક વળગણ બની જાય છે. કેટલીક સરળ રીતો અપનાવી પોતાની જાત પર કાબૂ મેળવતા શીખશે. | 2 |
| 13 | **Module:** **નિષ્ફળતા-એક પાઠશાળા**<br>**Lecture:** શ્રદ્ધાની શક્તિ | વિદ્યાર્થીઓ તેમના રોજિંદા જીવનમાં શ્રદ્ધાની શક્તિ તથા તેની જરૂરિયાતનું મહત્ત્વ સમજશે. | 2 |
| 14 | **Module:** **મકાન નહીં, ઘર બનાવીએ**<br>**Lecture:** પરિવારને પ્રેમથી બાંધીએ | વિદ્યાર્થીઓ મજબૂત પારિવારિક સંબંધોનું મહત્વ સમજશે. બે પેઢી વચ્ચેનું અંતર કેવી રીતે દૂર કરવું તથા કુટુંબના સભ્યો સાથે કેવી રીતે જોડાયેલા રહેવું તે શીખશે. | 2 |
| 15 | **Module:** **પરોપકારનું પ્રશિક્ષણ**<br>**Lecture:** સેવા | વિદ્યાર્થીઓ જીવનમાં નિ:સ્વાર્થ સેવાનું મહત્વ સમજશે. તેઓને ખ્યાલ આવશે કે વ્યક્તિની શારીરિક અને માનસિક સુખાકારી માટે સેવા કેવી રીતે ઉપયોગી થાય છે. સેવા દ્વારા અન્યને પણ લાભ થાય છે અને પ્રેરણા મળે છે. | 2 |

| IPDC-2 (દ્વિતીય સત્ર) | | | |
|---|---|---|---|
| 1 | **Module: સ્વયંનું નવનિર્માણ**<br>**Lecture:** પરિણામને નજરમાં રાખીને પ્રારંભ | વિદ્યાર્થીઓ તેમના ભવિષ્યના લક્ષ્યાંકોની પરિકલ્પના કરી તેમના જીવનને એક દિશા આપવાનો પ્રયત્ન કરશે. જે તેમને જીવનના ધ્યેયને પામવા ઉપયોગી નીવડશે. | 2 |
| 2 | **Module: સ્વયંનું નવનિર્માણ**<br>**Lecture:** વ્યસનમુક્ત જીવન | વ્યસનોથી થતાં શારીરિક નુકસાન તથા વ્યક્તિગત અને પારિવારિક જીવન પર પડતી આડઅસરને વિદ્યાર્થીઓ જાણવા પ્રયત્ન કરશે. વ્યસનમુક્તિ દ્વારા કેવી રીતે ફરીથી જીવન પર કાબૂ મેળવી શકાય છે તે અંગે પણ જાણકારી મેળવશે. | 2 |
| 3 | **Module: પરોપકારનું પ્રશિક્ષણ**<br>**Lecture:** કેસસ્ટડી-૨૦૦૧ ભુજ ભૂકંપ રાહતકાર્ય | IPDC-1 ના સેવા વિષય અંતર્ગત ભણેલા પાઠનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓ 'ભૂજ ભુકંપ રાહત સેવા' કેસ સ્ટડીનું વિશ્લેષણ કરશે. | 2 |
| 4 | **Module: કૌશલ્ય-નિર્માણ**<br>**Lecture:** સંપ અને સંવાદિતા | વિદ્યાર્થીઓ સંપ અને સંવાદિતા કેળવવા અંગેના ૬ પગલાં વિશે જાણશે જે વ્યાવસાયિક તથા વ્યક્તિગત જીવન માટે ખૂબ ઉપયોગી બની રહેશે. | 2 |
| 5 | **Module: મેરા ભારત મહાન**<br>**Lecture:** વર્તમાન ભારત | ભારતને વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશમાં રૂપાંતરીત કરવા માટે મૂલ્યનિષ્ઠ નાગરિકોની જરૂર છે. ભારતને એક મહાન દેશ બનાવવાની પ્રક્રિયા યુવાનોની દૂરંદેશી તથા કર્તવ્યનિષ્ઠા પર નિર્ભર છે, જે પરત્વે વિદ્યાર્થીઓ સભાન બનશે. | 2 |
| 6 | **Module: મહાન વ્યક્તિઓના પગલે-પગલે**<br>**Lecture:** નમ્ર નેતૃત્વ | વિદ્યાર્થીઓ નમ્રતાસભર લીડરશીપના એક નવા અભિગમને સમજશે. | 2 |
| 7 | **Module: મેરા ભારત મહાન**<br>**Lecture:** આદર્શ નાગરિક-૧ | મૂલ્યનિષ્ઠ સમાજના નિર્માણ માટે પહેલા આપણા જીવનમાં સારા મૂલ્યોનું સિંચન કરવું જરૂરી છે જેની શરૂઆત જીવનમાં કર્તવ્યનિષ્ઠા તથા પ્રામાણિકતા જેવા મૂલ્યોને અપનાવાથી કરી શકાય. | 2 |
| 8 | **Module: મેરા ભારત મહાન**<br>**Lecture:** આદર્શ નાગરિક-૨ | વિદ્યાર્થીઓ શીખશે કે જીવનમાં વફાદારી, નિષ્ઠા તથા સમયપાલન જેવા ગુણો ધરાવતી વ્યક્તિ જીવનમાં એક અલગ ઊંચાઈ સુધી પહોંચી શકે છે અને બીજા પર પોતાની ઊંડી છાપ છોડી શકે છે. નાની-નાની બાબતોમાં પૂર્ણતા રાખવાનો પ્રયત્ન કરી તેઓ મોટા કાર્યો સિદ્ધ કરી શકે છે. આ જ પ્રકારના ગુણો પોતાના જીવનમાં લાવવા માટે 'દરેક નાનાં કામ સારી રીતે પૂર્ણ કરવાના' અભિગમને અપનાવી શકશે. | 2 |
| 9 | **Module: નિષ્ફળતા-એક પાઠશાળા**<br>**Lecture:** શાશ્વત સમજણથી જીવન શણગારીએ | વિદ્યાર્થીઓ સમજશે કે શાશ્વત સમજણોથી જીવનમાં લાંબા સમયની સ્થિરતા આવી શકે છે. આપણી રોજીંદી  સમસ્યાઓનું સમાધાન આવી સમયાતીત સમજણો પાસે છે. | 2 |

| | | | |
|---|---|---|---|
| 10 | **Module: મકાન નહીં, ઘર બનાવીએ**<br>**Lecture:** ભૂલોને ભૂલીએ, આનંદે ઝૂલીએ | વ્યક્તિગત તથા વ્યાવસાયિક જીવનમાં ‘માફ કરવાની વૃત્તિ’ કેટલી જરૂરી છે તથા કેટલી ઉપયોગી છે તે વાતનું મહત્ત્વ વિદ્યાર્થીઓ સમજશે અને આ સમજણ પોતાના જીવનમાં ઉતારવા પ્રયત્ન કરશે. | 2 |
| 11 | **Module: સ્વયંનું નવનિર્માણ**<br>**Lecture:** તણાવમુક્તિની તરકીબ | વિદ્યાર્થીઓ વર્તમાનની તેમજ ભવિષ્યની તણાવ ઉત્પન્ન કરનારી પરિસ્થિતિઓનો સામનો કરતાં શીખશે. | 2 |
| 12 | **Module: સ્વયંનું નવનિર્માણ**<br>**Lecture:** પહેલું સુખ તે જાતે નર્યા | શારીરિક સ્વસ્થતા એ રોગ અને તણાવને દૂર રાખે છે. તેમજ હકારાત્મક અભિગમ, કાર્યક્ષમતા અને માનસિક તાકાત વધારે છે. વિદ્યાર્થીઓ નિયમિત કસરત, આરોગ્યપ્રદ ખોરાક તથા નિયમિત પૂરતી ઊંઘ દ્વારા શરીરને સ્વસ્થ રાખવાનું મહત્ત્વ સમજશે. | 2 |
| 13 | **Module: મહાન વ્યક્તિઓના પગલે-પગલે**<br>**Lecture:** અનુભવોનો આસ્વાદ | અનુભવી તથા જાણકાર લોકોની પેનલ વિદ્યાર્થીઓને તેમના જીવનમાં નડતા પ્રશ્નોના જવાબ આપી માર્ગદર્શન આપશે. | 2 |
| 14 | **Module: કૌશલ્ય-નિર્માણ**<br>**Lecture:** આર્થિક આયોજન | વિદ્યાર્થીઓ ફાઇનાન્સિયલ પ્લાનિંગ (નાણાંકીય આયોજન) માટે જરૂરી એવી જાણકારી મેળવશે જે તેમને ભવિષ્યમાં નાણાંકીય સ્થિરતા જાળવી રાખવામાં મદદ કરશે. | 2 |
| 15 | **Module: સ્વયંનું નવનિર્માણ**<br>**Lecture:** સંગ એવો રંગ | વિદ્યાર્થીઓ સમજશે કે જે પ્રકારની સંગ-સોબત તમે રાખો છો તેની એક નિર્ણાયક અસર તમારા આજના કે ભવિષ્યના જીવન પર પડે છે. આ સમજણના આધારે તેઓ તેમની આસપાસ હકારાત્મક અને સારી અસર ઊભી કરતી પરિસ્થિતિ કે વ્યક્તિઓની પસંદગી કરશે. | 2 |
| Concluding | **Life After IPDC** | આ સમાપન વ્યાખ્યાન વિદ્યાર્થીઓને આ અમૂલ્ય પાઠનો અભ્યાસ કરતા રહેવા પ્રોત્સાહિત કરે છે અને તેમના જીવનમાં આગળના પગલાઓ માટે તૈયાર કરે છે. | 2 |

## • અભ્યાસક્રમ સામગ્રી / મુખ્ય અભ્યાસક્રમ વર્કબુક -

દરેક સેમેસ્ટર/તબક્કા માટે એક વર્કબુક હશે. દરેક વર્કબુક BAPS IPDC ટીમ દ્વારા ડિઝાઇન અને પ્રસ્તુત કરવામાં આવશે. આ અધિકૃત (official) વર્કબુક IPDCના અભ્યાસ માટે ‘અભ્યાસક્રમ મટિરિયલ’ હશે. આ વર્કબુક વિદ્યાર્થીઓના અભ્યાસ, સબમિશન, વાઇવા અને પરીક્ષાના હેતુ માટે મહત્ત્વપૂર્ણ રહેશે.

1. IPDC વર્કબુક-1
2. IPDC વર્કબુક-2

## • લેક્ચર-ડિલિવરીની પદ્ધતિ:

IPDC લેક્ચર કૉલેજના વર્ગખંડોમાં થશે અને કોલેજ/ઈન્સટીટ્યુટ દ્વારા નિયુક્ત કોર્સ-પ્રશિક્ષક દ્વારા તેનું આયોજન કરવામાં આવશે. BAPS દ્વારા સામગ્રી-સંશાધનો આપવામાં આવશે. દરેક વ્યાખ્યાનમાં નીચે દર્શાવ્યા પ્રમાણે ચાર ઘટકો સામેલ હોય છે.

**૧. પરિચયાત્મક-વિડિયો**

દરેક વ્યાખ્યાન એક આધુનિક પ્રોડ્ક્શનથી નિર્મિત ટૂંકી ફિલ્મથી શરૂ થાય છે જે વિષયનો પરિચય આપે છે. મૂળ વ્યાખ્યાન સંબંધિત દૃશ્યો અને વિઝ્યુઅલ્સ દ્વારા વિદ્યાર્થીઓનું ધ્યાન આકર્ષિત કરે છે અને વધુ જાણવા માટેની તેમની જિજ્ઞાસાને વધારે છે.

**૨. લેક્ચર-વિડીયો**

વિદ્યાર્થીઓ પ્રખર વક્તા દ્વારા પ્રસ્તુત લેક્ચર વિડીયો જુએ છે.આ વ્યાખ્યાન મૂળભૂત સિદ્ધાંતો અને કૌશલ્યોના મહત્વ અને આવશ્યકતાને પ્રબળ બનાવે છે. વક્તાનો અનુભવ, છટાદાર પ્રસ્તુતિ અને ઇન્ટરેક્ટિવ વિઝ્યુઅલ્સનો ઉપયોગ સંકલિત રીતે દરેક વિદ્યાર્થીના મન અને હૃદય પર ઊંડી અસર કરે છે.

**૩. વિદ્યાર્થીઓ સાથે વર્ગ-ચર્ચા**

ઇન્ટરેક્ટિવ શેશન વિદ્યાર્થીઓમાં ચર્ચા અને સંવાદને પ્રોત્સાહન આપે છે અને વિચારોના સ્વસ્થ આદાનપ્રદાન માટે પ્રેરે છે. આમ, દરેક સત્ર એક એવું મંચ પ્રદાન કરે છે જેમાં વિદ્યાર્થીઓ સૌની સમક્ષ તેમની લાગણીઓ અને વિચારો વ્યક્ત કરી શકે છે.

**૪. વર્કબુક પ્રવૃત્તિઓ**

વર્કબુક વિદ્યાર્થીઓને વ્યાખ્યાનમાં શીખવવામાં આવેલા મૂલ્યોને તેમના અંગત જીવનમાં લાગુ કરવામાં મદદ કરે છે. વિશ્વસનીય સંશોધન, અમૂલ્ય અનુભવ, વ્યવહારુ દૃશ્યો અને મનનશીલ પ્રશ્નોને નાવીન્યતાપુર્વક દર્શાવવામાં આવ્યા છે, જે વિદ્યાર્થીઓને સર્જનાત્મક ચિંતન અને વિચાર કરવા પ્રેરિત કરે છે. IPDC Workbookની એક ઝાંખી આપ અહીં લીંક પર ક્લીક કરી પ્રાપ્ત કરી શકશો. લીંક - https://www.youtube.com/watch?v=_C09aqOszvY

## • Course-Structure - અધ્યાપન અને પરીક્ષા યોજના:

ઇન્ટિગ્રેટેડ પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્સ (IPDC) બે સેમેસ્ટર દરમ્યાન ચલાવવામાં આવશે. જેમાં બંને સેમેસ્ટરમાં ૧૫ લેક્ચર હશે. ૨ કલાકનો એક લેક્ચર હોવાથી ૩૦ કલાકનો અભ્યાસ એક સેમેસ્ટરમાં અને બીજા સેમેસ્ટરમાં પણ આ જ રીતે ૩૦ કલાકનો અભ્યાસ થશે, આથી બંને સેમેસ્ટરનો મળીને કુલ ૩૦ લેક્ચર અને ૬૦ કલાકનો કોર્સ થશે.

આ કોર્સ ક્રેડિટ આધારિત હશે - પ્રત્યેક સેમેસ્ટરની કિંમતની બે ક્રેડિટ, એટલે કે IPDC-1 (૩૦ કલાક)ની ૨ ક્રેડિટ અને IPDC-2 (૩૦ કલાક)ની ૨ ક્રેડિટ. તેથી, કુલ ૪ ક્રેડિટ બે સેમેસ્ટરની થઈને ફાળવવામાં આવશે. આ કોર્સ યુનિવર્સિટી ડિગ્રીના પ્રારંભિક સેમેસ્ટરમાં, પહેલા અને બીજા અથવા ત્રીજા અને ચોથા સેમેસ્ટરમાં ચલાવી શકાશે.

**Teaching Scheme**

IPDC-1 : Lecture – 2hrs/week Credits – 2

IPDC-2 : Lecture – 2 hrs/week Credits – 2

**Examination Scheme**

સમગ્ર મૂલ્યાંકનમાં સમયાંતરે આકલન અને સેમેસ્ટરના અંતની પરીક્ષાઓ, એમ બંનેનો સમાવેશ થવો જોઈએ. મૂલ્યાંકન યોજનામાં વિદ્યાર્થીઓની હાજરી, અસાઇનમેંટ, મિડ ટર્મ પરીક્ષાઓ, વાઇવા, વર્કબુક સબમિશન અને સેમેસ્ટરની ફાઇનલ પરીક્ષાઓનો સમાવેશ થવો જોઈએ.

IPDC ટીમ IPDCના દરેક વિષયોના જવાબો સાથેની પ્રશ્ન-બેંક પૂરી પાડશે. થિયરી અને પ્રેક્ટિકલ પરીક્ષાઓમાં ગુણના વિતરણ સંબંધે કોલેજ/ઈન્સ્ટીટ્યુટ પોતાની પદ્ધતિ અનુસરી શકે છે.

- ## Support/Help contact from IPDC TEAM

  **Phone :** 9099904146
  **Email :** service.ipdc@in.baps.org

- # સામાન્ય શરતો અને ઇંસ્ટિટ્યૂટ તરફથી જરૂરી સપોર્ટ -

**પ્રદાન કરાયેલ ક્રેડિટ્સ** -

- વિદ્યાર્થીઓની સંપૂર્ણ ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે અમે અભ્યાસક્રમને ક્રેડિટ-આધારિત કરવાનો પ્રસ્તાવ આપીએ છીએ. દરેક સેમેસ્ટરને યુનિવર્સિટીની પસંદગી અનુસાર ક્રેડિટ આપવામાં આવવી જોઈએ.

**કોર્સ પ્રશિક્ષકો** -

- જેમ કે IPDC એ મૂલ્યો વિશેની બાબત છે, માત્ર ગ્રેડ વિશે નથી. આથી અભ્યાસક્રમ શીખવવા માટે એક આદર્શ પ્રશિક્ષક/લેક્ચરર નૈતિક રીતે પરિપૂર્ણ હોવો જોઈએ.
- પ્રશિક્ષક અસરકારક સંવાદકાર તેમજ વિદ્યાર્થી-પ્રવૃતિઓના સંયોજનમાં સારી રીતે પારંગત હોવો જોઈએ.
- પ્રશિક્ષક માટે જરૂરી શૈક્ષણિક લાયકાત કોઈપણ પ્રવાહમાં લઘુત્તમ સ્નાતક હોવી જોઈએ.
- અમે દરખાસ્ત કરીએ છીએ કે તમારી સંસ્થા દ્વારા નિયુક્ત તમામ પ્રશિક્ષકોએ કોર્સની શૈલીથી પરિચિત થવા માટે 'IPDC ફેકલ્ટી વર્કશોપ'માં હાજરી આપવી જોઈએ. તમને જણાવતા આનંદ થાય છે કે BAPS આ વર્કશોપ આપવા માટે તૈયાર છે.

**તકનીકી આવશ્યકતાઓ** -

- મીટિંગમાં ઝીણવટપૂર્વક અને પ્રસ્તુતિઓમાં દર્શાવ્યા મુજબ અભ્યાસક્રમમાં મુખ્યવત્વેમ વીડિયો અને ઇન્ટરેક્ટિવ સત્રોનો સમાવેશ થાય છે. જેમાં વિદ્યાર્થીઓ માટે કેમ્પસમાં ગુણવત્તાસભર ઑડિયો/વિડિયો સુવિધાઓની જરૂર હોય છે. એક પ્રોજેક્ટર, લેપટોપ, ઈન્ટરનેટ કનેક્શન અને બેજિક ઓડિયો-વિઝ્યુઅલ સેટઅપ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને અભ્યાસક્રમના સકારાત્મક પરિણામ માટે જરૂરી છે.
- IPDC ટીમ તમામ વિડિઓ સામગ્રી પહોંચાડવા માટે ડિજિટલ પોર્ટલ પ્રદાન કરશે. આ પ્લેટફોર્મ શીખવાની અને શીખવવાની પ્રક્રિયામાં સરળતા આપે છે. IPDC ટીમ આ ડિજિટલ સિસ્ટમ વિના મૂલ્યે પ્રદાન કરશે, અને કોલેજ/ઈન્સ્ટીટ્યુટ તેના ઉપયોગને અમલમાં મૂકવા માટે મંજૂરી આપશે અને મદદ કરશે.

**શિક્ષણના માધ્યમોની મંજૂરી** -શિક્ષકના માર્ગદર્શિકા સાથેના તમામ લેક્ચર વીડિયો અને સામગ્રીઓ BAPS દ્વારા ડિઝાઇન કરવામાં આવી છે જે નીચે ચર્ચા કર્યા મુજબ પ્રદાન કરવામાં આવશે.

- લેક્ચર વીડિયો વેબ-પોર્ટલ દ્વારા પ્રદાન કરવામાં આવશે જે Windows ઉપકરણો પર અથવા મોબાઈલ એપ્લિકેશન દ્વારા ચાલે છે. આ માધ્યમ તમામ રજિસ્ટર્ડ ટીચિંગ ફેકલ્ટીને વિનામુલ્યે આપવામાં આવશે. કોલેજ/ઈન્સ્ટીટ્યુટ દ્વારા આ માધ્યમ માટે મંજૂરી આપવી જોઈએ અને તેના ઉપયોગના અમલીકરણમાં મદદ કરવી જોઈએ.
- IPDC વર્કબુક કોર્સનો આવશ્યક ભાગ છે. કારણ કે, તે સેમેસ્ટરની ફાઇનલ પરીક્ષાઓ અને સતત મૂલ્યાંકન માટે સામગ્રી અને આધાર પૂરો પાડે છે. કોલેજ/ઈન્સ્ટીટ્યુટ દ્વારા વિદ્યાર્થીઓને આ પ્રિન્ટેડ સામગ્રીના ઉપયોગ અને ખરીદી માટે મંજૂરી અપાવી જોઈએ.

**નોંધણી અને અભ્યાસક્રમ-લાભાર્થીઓનો ડેટા:**

- કોર્સના સરળ અમલીકરણની ખાતરી કરવા માટે, યુનિવર્સિટી/સંસ્થા એ સુનિશ્ચિત કરશે કે વિદ્યાર્થીઓ અને શિક્ષકો IPDC ટીમ સાથે અવશ્ય નોંધણી કરાવે. આ હેતુ માટે, યુનિવર્સિટી/સંસ્થાઓએ કોલેજો, ફેકલ્ટી સભ્યો અને અભ્યાસક્રમમાં નોંધાયેલા વિદ્યાર્થીઓ વિશે જરૂરી માહિતી પ્રદાન કરવાની રહેશે. ઉપરાંત, સંબંધિત ઈન્સ્ટીટ્યૂટે IPDC ટીમ દ્વારા જરૂરી ફોર્મેટમાં દરેક બેચ માટે આ વિષયના નોંધાયેલા વિદ્યાર્થીઓના અંતિમ પરિણામો પ્રદાન કરવા જેથી આઇપીડીસી ટીમ કોર્સ પૂરો થવા પર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પ્રદાન કરી શકે.

**શુલ્ક/ચાર્જીસ:**

- બી.એ.પી.એસ. સંસ્થાએ હંમેશા રાષ્ટ્ર અને લોકોના જીવનને ઉત્થાન માટે સામાજિક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ કોર્સ નૈતિક અને ચારિત્ર્યના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને યુવાનોને સર્વગ્રાહી મૂલ્ય આધારિત શિક્ષણ આપવા માટે સમર્પિત છે. તેથી, સમાજની ઉમદા સેવા તરીકે, અમે કોલેજ/ઈન્સ્ટીટ્યુટને વિના મૂલ્યે નિઃશુલ્ક આ કોર્સ ઓફર કરીએ છીએ. તમામ મોડ્યુલની નીચેની તમામ સામગ્રી અંતિમ વપરાશકર્તાઓને કોઈપણ શુલ્ક વિના પ્રદાન કરવામાં આવશે:
  ૧) પરિચયાત્મક વિડિઓઝ
  ૨) મુખ્ય-વ્યાખ્યાન વિડિઓઝ
  ૩) શિક્ષક-માર્ગદર્શિકા
  ૪) પ્રશ્ન-બેંક
  ૫) પરીક્ષા-માર્ગદર્શિકા
- જો કે, IPDC-1 અને IPDC-2 માટેની મુદ્રિત વર્કબુક વિદ્યાર્થીઓ/શિક્ષકો/કોલેજ દ્વારા મુદ્રિત કિંમત પ્રમાણે ખરીદવામાં આવશે.

**કોપીરાઈટ્સ/ઈન્ટેલેક્ચ્યુઅલ રાઈટ્સ:**

- IPDC કોર્સ માટે પૂરી પાડવામાં આવેલ તમામ IPDC સામગ્રીનો કૉપિરાઇટ/IPR BAPS સ્વામિનારાયણ સંસ્થાનો છે. આથી, આ તમામ સામગ્રીનો ઉપયોગ માત્ર IPDC કોર્સના શિક્ષણ પૂરતો મર્યાદિત હોવો જોઈએ. યુનિવર્સિટી અને BAPS વચ્ચેના MOUમાં જણાવ્યા મુજબ, આ તમામ સામગ્રીનો ઉપયોગ ફક્ત યુનિવર્સિટી અથવા સંલગ્ન કોલેજ/ઈન્સ્ટીટ્યુટ્સમાં IPDC અભ્યાસક્રમના શિક્ષણ પૂરતો મર્યાદિત હોવો જોઈએ.